# ડાંગરના પાકમાં ભૂરા કાંસિયાનો ઉપદ્રવ અને તેનુ નિયંત્રણ :

પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગની યાદી જણાવે છે કે દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં ડાંગરની ખેતી કરતા ખેડુતો તરફથી ડાંગરના પાકમાં ભૂરા કાંસીયા (બ્લ્યુ બીટલ)ના ઉપદ્રવ અંગે પૂછપરછ વધવા પામેલ છે. આથી ડાંગરની ખેતી કરતા ખેડૂતજોગ નીચે મુજબની માહિતી આપવામાં આવેલ છે.

**ઓળખ:**

કાંસિયાના પુખ્ત કીટક નાના, લંબચોરસ અને ઘાટા લીલા રંગના હોય છે. ઈયળ કદમાં નાની, દબાયેલી અને મેલા સફેદ રંગની હોય છે. માદા કીટક કૂમળા પાન પર એકાંકી રીતે ઈંડા મૂકે છે. ઈંડા અવસ્થા ૪ થી ૫ દિવસની હોય છે. ઈયળ અવસ્થા ૧૦ થી ૧૨ દિવસની હોય છે. પૂર્ણ વિકસીત ઈયળ પાન પર કોશેટો બનાવે છે. કોશેટો અવસ્થા ૩ થી ૪ દિવસની હોય છે. પુખ્ત કીટક ૧૫ થી ૧૬ દિવસ જીવતુ રહે છે. આ જીવાતનું આખું જીવનચક્ર ૩૨ થી ૪૦ દિવસમાં પુરૂ થાય છે.



**કાંસીયાની ઈયળ**

**નુકશાન:**

કાંસિયાના ઉપદ્રવની શરૂઆત શેઢા પાળા પરથી થાય છે. ઈયળ અને પુખ્ત કીટક પાન પરનો હરિત ભાગ ખાઈને નુકશાન કરે છે. જેના લીધે પાન પર સાંકડી ઉભી સફેદ રંગની પટ્ટી પડે છે. વધુ ઉપદ્રવ હોય તો પાન પર સમાંતર ઉભી સફેદ રંગની પટ્ટીઓ જોવા મળે છે અંતે આખું પાન સફેદ રંગનું થઈ જાય છે. જે સુકાતા પાન ભૂખરા રંગમાં ફેરવાઈ જવાથી વધુ ઉપદ્રવિત ટાલામાં પાન બળી ગયેલ હોય તેવું જોવા મળે છે.

**નિયંત્રણ વ્યવસ્થાપન :**

- ઉપદ્રવિત ખેતરમાં પાક પર દોરડું ફેરવવાથી પુખ્ત કીટક પાણીમાં પડી જશે.
- ઘરો, દર્ભ વિગેરે પર આ જીવાતની વૃધ્ધિ થતી હોવાથી તેનો નાશ કરવો.
- પાકની કાપણી પછી ખેતરમાં ઉંડી ખેડ કરવી.
- પુખ્ત કીટકોને ભેગા કરી કેરોસીનવાળા પાણીમાં ડૂબાડીને નાશ કરવો.
- રાસાયણિક નિયંત્રણ માટે ફોસ્ફામીડોન ૮૫ ટકા ૩ મી. લી. અથવા ટ્રાએઝોફોસ ૪૦ ટકા ઈસી ૧૨ મીલી અથવા કાર્ટેપ હાઈડ્રોકલોરાઈડ ૫૦ ટકા સોલ્યુબલ પાવડર ૧૦ ગ્રામ અથવા સાયપરમેથ્રીન ૨૫ ટકા ઈસી ૩ થી ૪ મીલી અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ટકા ઈસી ૪ થી ૫ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.